ખાસ જરૂરી

અંગતલક્ષ

ક્રમાંક : ૫/માધ્ય/મા-૨/રોસ્ટરપ્રમાણિત/૨૦૧૮/૨૮૯૬૩-૯૨

કમિશનર શાળાઓની કચેરી,

બ્લોક નં. ૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન,

ગુ.રા., ગાંધીનગર.

તારીખ : ૧૦/૧૨/૨૦૧૮

પ્રતિ,

જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,

જિલ્લા : સાબરકાંઠા, મોરબી, રાજકોટ, અમરેલી સિવાયના તમામ.

વિષય : રોસ્ટર રજીસ્ટર પ્રમાણિત કરવા બાબત.

સંદર્ભ : અત્રેની કચેરીના પત્ર-ક્રમાંક : ૫/માધ્ય/મા-૨/રોસ્ટરપ્રમાણિત/૨૦૧૮/૨૮૦૧૪-૪૩,
તા.૦૫/૧૨/૨૦૧૮.

શ્રીમાન,

ઉપરોક્ત વિષય તથા સંદર્ભે અન્વયે જણાવવાનું કે તા.૦૭/૧૨/૨૦૧૮ થી તા.૨૦/૧૨/૨૦૧૮ દરમિયાન રાજ્યની વિવિધ જિલ્લાઓની સરકારી અને બિન સરકારી ગ્રાન્ટેડ શાળાઓના ઉચ્ચતર માધ્યમિક વિભાગના રોસ્ટર રજીસ્ટર પ્રમાણિત કરવા અત્રેની કચેરીના ઉક્ત સંદર્ભ દર્શિત પત્રથી આપશ્રીને ટપાલ તથા ઈ-મેલ દ્વારા પણ જણાવેલ હતુ.

સદર બાબતે અત્રેની કચેરીના ઉક્ત પત્રથી પણ આપશ્રીને જરૂરી સૂચનાઓ તથા તા.૨૮/૦૯/૨૦૧૮ ના રોજ પણ માર્ગદર્શન કેમ્પ રાખી જરૂરી માર્ગદર્શન તથા સૂચનાઓ આપેલ હોવા છતાં અનુભવે જાણવા મળ્યું છે કે આ પ્રમાણેના ખામીયુક્ત રજીસ્ટરો અત્રે કેમ્પમાં રજૂ કરવામાં આવે છે અને રોસ્ટર રજીસ્ટર પ્રમાણિત કરવાની પ્રક્રિયામાં વિલંબ થાય છે. જે ગંભીર બાબત છે.

સદર બાબતે આપશ્રી અંગતલક્ષ રાખી આપની કક્ષાએથી અગાઉ આપેલી સૂચનાઓ તથા નીચે મુજબની સૂચનાઓને ખાસ ધ્યાને લઈ રોસ્ટર રજીસ્ટરને આપશ્રી દ્વારા સ્વયં ચકાસણી કરી ખરાઈ કરી અત્રે સંપૂર્ણ તથા સાચી વિગતો સહ રજૂ કરે તે વધુ ઈચ્છનીય છે.

1. પત્રક 'ક' મંજૂર મહેકમ પ્રમાણે ભરવાનું રહેશે.
2. પત્રક 'ખ' રોસ્ટરમાં વપરાયેલ ક્રમ પ્રમાણે ભરવાનું રહેશે.
3. પરિશિષ્ટ – ૩ પણ રોસ્ટરમાં વપરાયેલ ક્રમ પ્રમાણે આ જ માહિતી તારીજ સાથે સુમેળ ખાતી હોવી જોઈએ.
4. રોસ્ટરમાં ફાજલ શિક્ષકોનો સમાવેશ કરવો નહિ. પરંતુ તેની વિશેષ નોંધ દર્શાવવાની રહેશે.
5. રોસ્ટર સંપર્ક અધિકારીશ્રી તથા જિલ્લા શિક્ષણાધિકારીશ્રી દ્વારા પ્રમાણિત થયેલ રોસ્ટર રજીસ્ટર તથા પત્રકો રજુ કરવાના રહેશે.
6. મેરીટના ધોરણે પસંદગી પામેલ ઉમેદવારોને બિન અનામતમાં દર્શાવવી.
7. ધોરણ-૧૧ અને ૧૨ ના સામાન્ય અને વિજ્ઞાન પ્રવાહના વર્ગોની સંખ્યા દર્શાવવાની રહેશે.

ઉક્ત તમામ વિગતો તથા જરૂરી સૂચનાઓને ધ્યાને લઈ યોગ્ય રોસ્ટર રજીસ્ટરો શિક્ષણ વિભાગ/સામાજીક અને ન્યાય અધિકારીના વિભાગ સમક્ષ કેમ્પમાં રજુ કરવા જણાવવામાં આવે છે. અધૂરી અને અસ્પષ્ટ વિગતોને લીધે રોસ્ટર રજીસ્ટરો ઉક્ત દર્શિત કેમ્પમાં પ્રમાણિત નહિ થાય તો તેની જવાબદારી આપશ્રીની અંગત રહેશે. જેની નોંધ લેશો.

નાયબ શિક્ષણ નિયામક

માધ્યમિક

ગાંધીનગર.